# સત્યમેવ જયતે

પ્રિય ગ્રાહક મિત્રો,

હીરા ઉદ્યોગમાં હાર્ડવેર અને સોફ્ટવેર ક્ષેત્રની અગ્રગણીય કંપની તેવી "સરિન ટેકનોલોજી" દ્વારા હીરા ઉદ્યોગમાં હરીફાઈ ટાળી, પોતાના એક હથ્થું શાસન રાખવાના બદઈરાદાથી અમારી કંપનીના કામકાજ ખોરવવાનો વારંવાર પ્રયત્ન કરવામાં આવે છે. અનેક પ્રકારના ખોટા કાવાદાવા આચરીને વારંવાર અમારી પેઢી પર સરકારી રેડ કરાવી છે, અને આવી અનેક તપાસમાં સ્વભાવિક રીતે કઈ પણ વાંધાજનક ન મળવા છતાં અમારી કંપનીની બદનક્ષી થાય તેવા બદહેતુથી અનેક પ્રકાર નો કુપ્રચાર હીરા ઉદ્યોગમાં કરવામાં આવતો રહ્યો છે. વિવિધ પેમ્પલેટ, સોશ્યિલ મીડિયાના ઉપયોગથી, ફોન દ્વારા સંપર્ક સાધીને અથવા રુબરુ મળીને હીરા ઉદ્યોગકારોને ગેરમાર્ગે દોરવાના "સરિન ટેકનોલોજી"ના પ્રયાસને આ પહેલા પણ અમે જાહેરમાં રદિયો આપી ચૂકયા છીએ. આમ છતાં "સરિન ટેકનોલોજી" દ્વારા માનનીય ગુજરાત હાઇકોર્ટમાંથી વિશેષ ઓર્ડર લાવી કોર્ટ કમિશન દ્વારા અમારા ધંધાકીય કામકાજના સ્થળ પર આકસ્મિક તપાસ કરાવી અને વિશેષ રિપોર્ટ તૈયાર કરાવ્યો હતો. જે રિપોર્ટમાં કંઈપણ વાંધાજનક ન મળ્યું હોવા છતાં, માનનીય ગુજરાત હાઇકોર્ટ સમક્ષ અમારા કામકાજને બંધ કરાવવાની પાયાવિહોણી માંગણી કરી હતી. અને આવી પાયાવિહોણી માંગણીની આડાશમાં અનેક પ્રકારની ગેરમાર્ગે દોરતી જાહેરાત અમારા વિરૂદ્ધમાં હીરા ઉદ્યોગકારો સમક્ષ કરવાં આવી હતી. વળી, ટૂંક સમયમાં અમારા કામકાજને બંધ કરાવી દેવાના પાયાવિહોણા દાવા કરી, અમારા ગ્રાહકોમાં ભય ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો.

જે તે સમયગાળા દરમિયાન અમારા પર પાઈરેટેડ સોફ્ટવેર વાપરવાના ખુલ્લા આક્ષેપ કરવામાં આવ્યા હતા, પરંતુ આ કેસ કોર્ટમાં હોય અમોએ તે બાબતે ન્યાયતંત્રનો આદર કરતા કોઈ પણ પ્રકારના ખુલાસા આપવાનું ટાળ્યું હતું.

ગત તારીખ ૨૨/૦૯/૨૦૧૭ ને શુક્રવારના રોજ માનનીય કમર્શિયલ કોર્ટ વડોદરા દ્વારા "સરિન ટેકનોલોજી" દ્વારા કરાયેલી અમારા સોફ્ટવેરને પાઈરેટેડ ગણાવવાની અને અમારા કામકાજને બંધ કરાવવાની માંગણીને ફગાવી દેવામાં આવી છે. **૪૨ પાનાના કોર્ટ દ્વારા અપાયેલા ઓર્ડરમાં સ્પષ્ટ રીતે નોંધવામાં આવેલ છે કે, "દિયોરા એન્ડ ભંડેરી કોર્પોરેશન" દ્વારા વપરાતા સોફ્ટવેર "દિયોરા એન્ડ ભંડેરી કોર્પોરેશન" દ્વારા જ તૈયાર કરવામાં આવેલ છે.** આ બાબતે કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું છે કે કોઈપણ કંપની દ્વારા સંપૂર્ણ રીતે ડેવેલોપ કરવામાં આવેલા સોફ્ટવેરને પાઈરેટેડ ગણી શકાય નહિ. કોર્ટ કમિશન દ્વારા સ્થળ પર કરેલ તપાસની બારીકાઇથી નોંધ લઇ, કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું છે કે તપાસ દરમિયાન દિયોરા એન્ડ ભંડેરી કોર્પોરેશન દ્વારા કોઈપણ પ્રકારના પાઈરેટેડ સોફ્ટવેર વાપરવામાં આવતા હોય અથવા અન્ય કોઈપણ વાંધાજનક કાર્ય થતું હોય તેવું જણાતું નથી. અને આ સંદર્ભ લઈને કોર્ટે દિયોરા એન્ડ ભંડેરી કોર્પોરેશનના કામકાજમાં કોઈ પણ પ્રકારની દખલ અંદાજી કરવાનું ગેરવ્યાજબી ઠેરવ્યું હતું.

પારદર્શકતાના હેતુથી માનનીય કોર્ટના ઓર્ડરની સંપૂર્ણ કોપી અમારી વેબ સાઈટ "www.diyorabhanderi.com" પર ઉપ્લબ્ધ છે.

હીરા ઉદ્યોગના ઉદ્યોગકારો દ્વારા અમોને અપાયેલ સહકાર બદલ અમો આપ સહુના ખુબખુબ ઋણી છીએ. અસત્ય સામેની આ જીત આપણા સૌની જીત છે અને દિયોરા એન્ડ ભંડેરી કોર્પોરેશન આ બદલ આપ સૌને અભિનંદન પાઠવે છે.

આ સાથે જ અમો આપ સૌને ફરી ખાતરી આપીયે છીએ કે દિયોરા એન્ડ ભંડેરી કોર્પોરેશન દ્વારા વપરાતા તમામ સોફ્ટવેર પૂર્ણતઃ અમારી માલિકીના, અમારી મહેનત અને સંશોધન પાછળ લાગતા ખર્ચનું પરિણામ છે. વળી, આ સત્ય ઉપર હવે માનનીય કોર્ટની પણ મહોર લાગેલ છે. આથી ભવિષ્યમાં કોઈપણ કંપની દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવવા કે અન્ય બદઈરાદાથી અમારા ઉપર "કોપી રાઇટ" ઉલ્લંઘનના આક્ષેપો કરવામાં આવશે, તો તે માનનીય કોર્ટનું પણ અપમાન ગણાશે અને કાયદેસરના પગલાંને પાત્ર રહેશે, જેની વિશેષ નોંધ લેશો.

**પ્રાઉડલી મેક ઈન ઈન્ડિયા**
**જય હિન્દ**

MAKE IN INDIA

" World`s Largest Diamond Scanning Center "

**Diyora & Bhanderi Corporation,**
Turava Faliyu, Behind Sargam Shopping Complex,
Opp. Narmad Nagar Society-2, Near Gabani Library,
Hirabaugh, Varachha Main Road, Surat-395006.

DBC
DIYORA & BHANDERI
CORPORATION

ADVT